## કહેવાની કળા

આજની આ હાડમારી ભરેલી જિંદગીમાં માણસો કહેવાની, વાત કરવાની કળા ખોઈ રહ્યાં હોય એવું લાગે છે. બે માણસો વરસોથી એક જ ઘરમાં એક સાથે રહેતાં હોય એમની વચ્ચે વાતો તો થતી જ હોય, પણ એ કેવી રીતે થતી હોય એ તરફ આપણે કદી ધ્યાન જ નથી આપતા. ખાસ કરીને પતિ પત્ની વચ્ચેનો સંવાદ.



દીકરી પહેલી વખત રોટલી વણી રહી હોય, કાચી પાકી શેકી લે અને એના પપ્પાની થાળીમાં એ રોટલી પરોસાય ત્યારે બાપનું દિલ ગદ ગદ થઈ ઉઠે. તરત કહેશે, ''વાહ, દીકરી વાહ શું સરસ રોટલી બનાવી છે, અમૃતનો ઓડકાર આવી ગયો!''. છોકરી કહેશે, ''પપ્પા સરખી ગોળ નથી વણાઈ.'' પપ્પા કહેશે, ''ચાલે, રોટલી ગોળ જ હોવી જોઈએ એવો કોઈ નિયમ થોડો છે!'' કેટલો સુંદર સંવાદ!

હવે એક બીજી ઘટના એ જ ઘરમાં. આ વખતે પહેલી વખત નવી વાનગી બનાવનાર પત્ની છે અને ખાનાર એના વરજી. પત્નીએ રસોઈ શોમાં એક નવી વાનગી જોઈ અને એ બનાવવાનો પ્રયત્ન કર્યો...

વાનગીનું નામ હતું, ''મેક્ષિકન રાઈસ વિથ ગોલ્ડન ગાર્લીક, અનીયન સ્લાઈસ એન્ડ ગ્રેટેડ ચીઝ''. ચારથી પાંચ વખત વાંચ્યા બાદ તો બેનને આ એક કિલોમીટર જેટલું લાંબુ નામ યાદ રહેલું. ફક્ત નામ ઓછું યાદ રાખવાનું હતું, ટેબલ



### લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

ઉપર ડિનર ટાઈમે રાઈસ સર્વ કરે ત્યારે છટાથી એ નામ બોલવાનું પણ હતું. બહેને આખો દિવસ એ નામ રટ્યા કરી પાક્કું કર્યું.

સાંજે વાનગી તૈયાર થતાં જ એ બહેને ચાખી જોયેલી, એવન ટેસ્ટ હતો જી. કંઈ કહેવાપણું ન હતું. એણે વિચારેલું કે આજે સાંજે જમતી વખતે ઘરનાં દરેક જણ એના વખાણ કરતાં થાકશે નહિ. અને એ સોનેરી ઘડી આવી પહોંચી. પત્નીએ છટાથી નવા બાઉલમાં સજાવીને રાખેલા મેક્ષિકન પુલાવ ઉપરથી ઢાંકણું હટાવ્યું અને સવારથી ગોખી રાખેલું નામ કહેવા જ જાય છે કે પતિદેવ બોલી પડ્યા,

''આ શું છે? વઘારેલા ભાત?''

અજાણતા જ વરજીએ 'મેક્ષિકન રાઈસ વિથ ગોલ્ડન ગાર્લીક, અનીયન સ્લાઈસ એન્ડ ગ્રેટેડ ચીઝ'આવું અણમોલ નામ ધરાવતી વાનગીને, ''વઘારેલા ભાત'' કહી એનું હળહળતું અપમાન કર્યું, ઉપર નાખેલી સોનેરી લસણની કળીઓ, ડુંગળીની સ્લાઈસ, છીણેલું ચીઝ કંઈ જોયા વગર સીધું અંદર ભાતિયું ઘૂસેડી નાખ્યું અને આટલું ઓછું હોય એમ ડીશની બાજુમાં મૂકેલી ચમચી ઉપર નજર નાખ્યા વિના જ હાથથી મોટા મોટા કોળિયા ભરીને ખાવા મચી પડ્યા. પત્નીને એવો તો કાળ ચડ્યો છતાં એ ચૂપ રહી પણ હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે ઓડકાર ખાતા ખાતા પતિદેવે કહ્યું, ''સારો બન્યો છે પણ આ ભાતની સાથે એક ગ્લાસ છાછ હોત તો મજા આવી જાત.''

ક્યાં દીકરીના હાથની પહેલી વખતની રોટલી ખાતો પુરુષ અને ક્યાં પત્નીના હાથની પહેલી વખતની કોઈ નવી વાનગી આરોગતો પુરુષ. અહીંયા બંને જગ્યાએ માણસ એક જ છે બદલાઈ જાય છે ફક્ત શબ્દો, લાગણી વ્યક્ત કરવાની રીત. વખાણ બંને જગ્યાએ થાય છે, વખાણ કરનાર માણસ પણ એનો એજ છતાં શબ્દો કેવી જાદુઈ અસર કરી જાય છે. પત્ની પણ એને જે કહેવું છે એ કહી નથી શકતી અને મનોમન ધુંધવાઈને રહી જાય છે.

આપણે બહારના કોઈ અજાણ્યા સ્ત્રી પુરુષ સાથે કેટલી સરસ રીતે વાત કરીએ છીએ, એ રીતે ઘરમાં કરીએ છીએ? લગ્નની તરત બાદ વપરાતું, ''જાનું, બકા, વ્હાલી/વ્હાલો, ડાર્લિંગ'' વગેરે ધીમે ધીમે ક્યારે લુપ્ત થઈ ગયું એનો આપણને વિચાર પણ નથી આવતો. કેટલાક દંપતિની વાતોમાં તો જાણે બંને એક બીજાને નીચું દેખાડવાનો જ પ્રયત્ન કરતા હોય. અમારે આમ અને તમારે તેમ કરતાં, કરતાં ''આપણે'' સુધી પહોંચતા વરસો લાગી જાય છે.

જીવનસાથી સાથે પ્રેમપૂર્વક વાત કરવાનું એટલું મુશ્કેલ પણ નથી જેટલું આપણે ધારી લઈએ છીએ . એની નબળાઈઓ અનદેખી કરી એનામાં કંઈક સારું શોધવાનો પ્રયાસ કરી જુઓ, મજા આવશે.

**અમસ્તું,**

વખાણી ખિચડી દાઢે વળગે અને વખાણેલો સંબંધ દિલમાં વળગે, જીવનમાં રસ જાળવી રાખવા એકાદ વળગણ હોવું જરૂરી નથી લાગતું..?


@kapadianiyati

## ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે

# Human Excellence through Physical Education & Yoga વિષય પર ઓનલાઈન સેમિનાર

ચિલોડા, તા. ૧૪

ગૂજરાત વિદ્યાપીઠ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા અને ભુપલ નોબેલ યુનિવર્સિટી, શિક્ષણ વિદ્યાશાખા (શારીરિક શિક્ષણ વિભાગ) ઉદેપુરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૧-૧૦-૨૦૨૦ના રોજ ઓનલાઈન સેમિનારનું સાદરા ખાતેથી સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતુ. ઉદઘાટન પ્રસંગે સેમિનારન કમિટીના ચેરમેન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા (ડીન- શારીરિક શિક્ષણ જઅને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા) એ Covid-19 મહામારીના સમયમાં સ્વાસ્થ્ય અને જીવનશૈલી વિશે સમજ આપી હતી. જ્યારે ડૉ. ભૂપેન્દ્રસિંહ ચોહાણ (ડીન. – શિક્ષણ વિભાગ (શારીરિક શિક્ષણ) – બી.એન. યુનિવર્સિટી,) એ ઉદેપુર સંસ્થાનો પરિચય આપી શુભેચ્છા પાઠવી હતી. કો-ચેરપર્સન ડૉ. કમલેશભાઈ પટેલે (સંયોજક મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ) ગૂજરાત વિદ્યાપીઠના ગાંધી મૂલ્યો વિશે પરિચય આપ્યો હતો. જ્યારે ડૉ. હિતેશ રાવલે (બી.એન. યુનિવર્સિટી ઉદેપુર) શિક્ષણ વ્યવસ્થાનો આધાર યોગ્ય શિક્ષક અને મૌલિક સંશોધનની વિગત આપી હતી. ઓર્ગેનાઈઝ કમિટીના સેક્રેટરી ડૉ. નિમેષભાઈ ચૌધરી અને ડૉ. મોહંમદભાઈ બાદીએ સેમિનારના કાર્યક્રમની રૂપરેખા આપી હતી ઓનલાઈન સેમિનારમાં ૧૨૩ વ્યકતિઓ હાજર રહ્યા હતા જેમાં ગૂજરાત અને ભારતના નામાંક્તિ અને રિસર્ચ સ્કોલરોએ ભારતની જુદી જુદી યુનિવર્સિટીમાંથી ભાગ લીધો હતો. જેમાં ૭૨ રિસર્ચ પેપર ૨૪ આર્ટિકલ રજૂ થયા હતા. જેનુ





આયોજન બે ભાગમાં આયોજન કરવામાં આવેલ હતું, પ્રથમ સત્રમાં ઉદ્‌ઘાટન સમારોહ અને મુખ્ય વકતાઓનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું, જયારે બીજા સત્રમાં.ટેકનિકલ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧ ગુગલ મિટીગ રૂમનુ આયોજન કરવામા આવેલ હતું, સેમિનાર પૂર્ણ થયાના અંતે સૌ ભાગ લેનાર રીસર્ચરોને ઈ-સર્ટિફિકેટ પ્રદાન કરવામાં આવ્યું હતું. તથા રીવ્યુ કમિટી દ્વારા પસંદ થયેલા સંશોધન લેખને યુ.જી.સી. માન્ય પિયર રીવ્યુ રેફર્ડ જર્નલમાં પ્રકાશિત કરવામાટે ભલામણ કરવામાં આવી છે.

સંપૂર્ણ આયોજન Covid-19 કોરોના સંદર્ભમાં ઓનલાઈન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ કોર્ડીનેટર, ડૉ. અરવિંદભાઈ રામી, સાદરા, પ્રીતીબેન કચ્છાવા, ઉદેપુર ડૉ. યજુવેન્દ્રસિંહ જેઠવા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગગર સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું હતું. જ્યારે ડૉ. સુરવીર સિંઘ સોલંકી બી. એન. યુનિવર્સિટી, ઉદેપુર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## શ્રી સોમનાથના ઈતિહાસને ઉજાગર કરતો લાઈટ એન્ડ સાઉન્ડ શો આજથી યાત્રિકો માટે શરૂ કરવામાં આવશે

સરકારની અનલોક - ૦૫ ની ગાઈડલાઈન મુજબ ૧૫ ઓકટોબરથી શ્રી સોમનાથ મંદિરના દર્શનનો સમય સવારે ૦૭:૩૦ થી ૧૧:૩૦, બપોરે ૧૨:૩૦ થી ૦૬:૩૦, અને સાંજે ૦૭:૩૦ થી ૧૦ : ૦૦ સુધી મંદિર દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. યાત્રિકાને સવાર, બપોર અને સાંજની આરતીમાં પ્રવેશ આપવામાં નહીં આવે. વિશેષમાં સોમનાથ મંદિરના ઈતિહાસને ઉજાગર કરતો લાઈટ એન્ડ સાઉન્ડ શો સરકારની અનલોક - ૦૫ ની ગાઈડલાઈનના ચુસ્ત અમલ સાથે ૧૫ ઓકટોબરથી શરૂ કરવામાં આવશે.



# બીવીએમ ખાતે 'મોડર્ન પ્લેટફોર્મ ફોર સ્માર્ટ સીટી એન્ડ સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ'વિષય પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૪

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે સ્ટ્રક્ચરલ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા AICTE ટ્રેનિંગ એન્ડ લર્નિંગ એકેડમી (ATAL) અંતર્ગત 'સોફ્ટવેર એપ્લિકેશન્સઃમોડર્ન પ્લેટફોર્મ ફોર સ્માર્ટ સીટી એન્ડ સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ'




વિષય પર તા.૧૨-૧૦-૨૦૨૦ ના રોજ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (One Week) નો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ.રાજેશ પંડયા (ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર, SMC, સુરત ),ડૉ.સી.એસ.વર્મા (રિજિયોનલ ઓફિસર એન્ડ આસિસ્ટન્ટ ડિરેક્ટર, CRO, ભોપાલ, AICTE), ડૉ.ઈંદ્રજિત એન. પટેલ (પ્રિન્સિપાલ,બીવીએમ),ડૉ. એ. કે. વર્મા (હેડ, સ્ટ્રક્ચરલ એન્જી) ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.દર્શના ભટ્ટે જણાવ્યું હતું કે ઉપરોક્ત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો મૂળભૂત ઉદ્દેશ્ય સિવિલ એન્જીનીયર્સ ને પ્રૉફિસિએંન્ટ બનાવવા માટે તેમની ટેકિનકલ,પ્રેક્ટીકલ તથા સોફ્ટવેર સ્કિલ ને એન્હાન્સ કરવાનો છે જેને અંતર્ગત અલગ અલગ સોફ્ટવેર જેવા કે બેઝિક ક્વોન્ટમ GIS, ગુગલ અર્થ પ્રાu TM ,Storm CAD,Water GEM, પ્રોજેક્ટ મેનેજમેન્ટ સોફ્ટવેર, BIM પર ટ્રેનિંગ આપવમાં આવશે.સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે બીવીએમ તેના ૭૨ માં વર્ષ ની સફર માં તેના વિઝન 'ટુ પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જનિયર્સ વિથ કોર વેલ્યુઝ' પર સતત પ્રયત્નશીલ છે. બીવીએમ ક્વોલિટી ટીચિંગ લર્નિંગ, ટ્રાન્સપરન્ટ ગવર્નન્સ, ઈન્ડસ્ટ્રી ઈન્વોલ્વમેન્ટ, સોસાયટલ અપલીફ્ટમેન્ટ,સ્ટેક હોલ્ડર્સ ઈન્વોલ્વમેન્ટ જેવા પાસા માં કાર્યક્ષમ છે તથા સંસ્થા ખાતે વર્લ્ડ બેક્ક પ્રોજેક્ટ TEQIP-III, ૧૨ જેટલી વિદેશ ની યુનિવર્સીટી તથા ૮૦ થી વધુ ઈન્ડસ્ટ્રી સાથે એમ.ઓ.યુ , રિસર્ચ એન્ડ ઈનોવેશન માટે SSIP નું સફળ ઈમ્પ્લિમેન્ટેશન થયેલ છે.

તેમણે વિદ્યાર્થીઓ,રિસર્ચ સ્કોલર્સ તથા અધ્યાપકો ને ફેક્લટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા સોફ્ટવેર સ્કીલ્સ એન્હાન્સ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

ડૉ.એ.કે.વર્મા એ જણાવ્યું હતું કે સ્માર્ટ સીટી તથા સ્માર્ટ વિલેજ માટે ડિજિટલ ટેક્નોલોજીનું ઈમ્પ્લિમેન્ટેશન આવશ્યક છે જેમાં સ્માર્ટ એરિયા,સીટી રિસોર્સ,ન્યુ બિઝનેસ તથા કોસ્ટ રિડકશન અગત્યના ફેક્ટર્સ છે. આ ઉપરાંત સ્ટ્રક્ચરલ એન્જનિયરિંગ ડિપાર્ટમેન્ટે ATAL AICTE અંતર્ગત ગ્રાન્ટ મેળવી છે જે નોંધપાત્ર છે.

ડૉ.સી.એસ.વર્મા એ જણાવ્યું હતું કે AICTE ટ્રેનિંગ એન્ડ લર્નિંગ અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માં ઈન્ડસ્ટ્રી ૪.૦ ને અનુલક્ષી ને થ્રસ્ટ એરિયા જેવા કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ,ઈન્ટરનેટ ઓફ થિંગ્સ,બ્લોક ચેન, રોબોટિક્સ,ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, ડેટા સાયન્સ,સાયબર સિક્યુરિટી, 3D પ્રિન્ટિંગ, ઓગમેન્ટેડ એન્ડ વર્ચ્યુઅલ રિયાલિટી જેવા વિષયો પર ૫૦૦થી વધારે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજવાનું લક્ષ્ય છે જેમાં ૨૦૦ થી વધુ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયી ચુક્યા છે જેમાં ૧૦,૦૦૦ થી વધુ અધ્યાપકો ને ટ્રેનિંગ આપવામાં આવી છે .

ડૉ.રાજેશ પંડયા એ વર્ષ ૨૦૧૫ માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના હસ્તે લોન્ચ થયેલ સ્માર્ટ સીટી મિશનમાં સુરતની પસંદગી,સુરત ખાતે મોનીટરીંગ એન્ડ મેનેજમેન્ટ અંતર્ગત સિટીબસ ,ઈમર્જન્સી ટ્રાન્સપોર્ટેશન, SWM વેહીકલ્સ, CCTV Vez,IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ, સ્માર્ટ પાર્કિંગ, એન્વાયર્નમેન્ટ સેન્સર,વેરીએબલ મેસેજિંગ સિસ્ટમ, PIS, વોટર સપ્લાય એન્ડ ડ્રેનેજ SCADA સિસ્ટમ, રેવેન્યુ કલેકશન, કમ્પ્લેન રિડ્રેસઅલ વિષે રસપ્રદ માહિતી આપી હતી.

ઉપરોક્ત ટ્રેનિંગ પ્રોગ્રામ માં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.જાગૃતિ શાહે કર્યું હતું તથા અંતે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો

# ગ્લોબલ હેન્ડવોશિંગ ડે

ગ્લોબલ હેન્ડવોશિંગ ડે એ વિશ્વભરના લોકોને તેમની હેન્ડવોશિંગની ટેવમાં સુધારો લાવવા અને બીજા લોકોને પ્રેરણા આપવા માટેનું આંતરરાષ્ટ્રીય હેન્ડવોશિંગ પ્રમોશન અભિયાન છે. ગ્લોબલ હેન્ડવોશિંગ ડેની સ્થાપના ૨૦૦૮ માં કરવામાં આવી હતી. આ દિવસ દર વર્ષે ૧૫ ઓક્ટોબરના રોજ મનાવવામાં આવે છે. આ તારીખ યુએન જનરલ એસેમ્બલી દ્વારા નિયુક્ત કરવામાં આવી હતી. સાબુથી હાથ ધોવાથી શ્વસન અને આંતરડાને લગતા રોગો ૨૫ થી ૫૦% સુધી ઘટાડી શકાય છે. આમ આ વૈશ્વિક અભિયાન રોગ નિવારણ તરીકે સાબુ વડે હાથ ધોવાની જાગૃતિ માટે સમર્પિત છે. દર વર્ષે ૨૦૦ મિલિયન લોકો ગ્લોબલ હેન્ડવોશિંગ ડેની ઉજવણી કરે છે.




બાળપણમાં શ્વસન અને ડાયેરીયા સંબંધિત રોગોને ઘટાડી, મૃત્યુદરમાં ઘટાડો કરવા અને સાબુથી હાથ ધોવા જેવા સરળ બદલાવો લાવવા માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યુ હતું. સાબુથી હાથ ધોવા જેવી સરળ પ્રક્રિયાથી શ્વસન રોગને લીધે થતા મૃત્યુદરમાં ૨૫% અને ડાયેરીયાના રોગને લીધે થતા મૃત્યુદરમાં ૫૦% જેટલો ઘટાડો થઈ શકે છે. શ્વસન અને ડાયેરીયા રોગને રોકવા માટે સાબુથી હાથ ધોવાનું ખૂબ અસરકારક અને સૌથી ઓછી ખર્ચાળ રીત છે. વિશ્વમાં ઘણા લોકો હાથની સ્વચ્છતાનું યોગ્ય રીતે પાલન કરતા નથી. સરેરાશ, સમયના અડધા કરતા ઓછા સમયમાં લોકો તેમના હાથ ધોઈ લે છે. (સરેરાશ સમયગાળો ૪૦ થી ૬૦ સેકન્ડનો હોય છે) સાબુથી હાથ ધોવાનું ખુબ મહત્વ છે જેમ કે જમતા પહેલાં અને શૌચાલયનો ઉપયોગ કર્યા પછી સાબુથી સારી રીતે હાથ ધોવા ખુબ જ જરૂરી છે. આમ દિવસ દરમિયાન વિવિધ સમયે હાથ ધોવા અને તે પણ સાબુથી ધોવા તે બંને મહત્વપૂર્ણ છે.



### પ્રસંગસર

**પ્રો. જીગર એસ. બારોટ**

- ગ્લોબલ હેન્ડવોશિંગ ડેના ઉદઘાટન વર્ષ ૨૦૦૮ માં ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકર અને તેમના સાથી ખેલાડીઓ પ્રથમ વૈશ્વિક હેન્ડવોશિંગ ડેના ભાગરૂપે દેશભરના અંદાજિત ૧૦૦ મિલિયન સ્કૂલનાં બાળકો સાથે જોડાયા હતા.
- ૧૫ ઓક્ટોબર,૨૦૧૪ ના રોજ ભારત દેશના મધ્ય પ્રદેશ રાજ્ય એ સૌથી મોટા હેન્ડવોશિંગ પ્રોગ્રામ માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ જીત્યો હતો. જેમાં રાજ્યના ૫૧ જુદા જુદા જિલ્લાના ૧૩,૧૯૬ જેટલા વિવિધ સ્થળોએ ૧૨,૭૬,૪૨૫ બાળકોએ હેન્ડવોશિંગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

યુનિસેફ અને ડબ્લ્યુએચઓ દ્વારા સંચાલિત સંયુક્ત મોનિટરિંગ પ્રોગ્રામ (જેએમપી)ના ડેટા મુજબ વિશ્વની ફક્ત ૬૦% વસ્તીને જ મૂળભૂત હેન્ડવોશિંગની સુવિધા મળે છે. વિશ્વના સૌથી ઓછા વિકસિત દેશોમાં ફક્ત ૨૮% લોકો પાસે જ મૂળભૂત હેન્ડવોશિંગની સુવિધાઓ છે. લાઈબેરિયા જેવા કેટલાક દેશોમાં તો ફક્ત ૧% વસ્તીને જ આવી સુવિધા મળે છે. હાલમાં વિશ્વમાં એવા ૧૭ દેશો છે જ્યાં એક કરોડથી વધુ લોકોને હાથ ધોવા માટેની સુવિધાઓનો અભાવ છે.

વૈશ્વિક કોવિડ-૧૯ મહામારીમાં હેન્ડવોશિંગ એ કોરોના વાયરસ જેવા રોગકારક જીવાણુઓને ઘટાડવા અને તેને ફેલાતો રોકવા માટેની સૌથી અસરકારક રીત છે. કોવિડ-૧૯થી પોતાને બચાવવા માટે સૌથી મહત્વપૂર્ણ બાબતોમાંની એક નિયમિત હાથની સ્વચ્છતા છે. જો આપણે નિયમિત રીતે આપણા હાથને સ્વચ્છ નહી રાખીએ તો બે કહેવતો સાચી પડશે. જેમાથી એક તો **'હાથના કર્યા હૈયે વાગ્યા'** અને બીજી ભગવાન પણ **'હાથ ઊંચા કરી દેશે'**. ચાલુ વર્ષે 'હેન્ડ હાઈજીન ફોર ઓલ' થીમ સાથે ગ્લોબલ હેન્ડવોશિંગ ડેની ઉજવણી કરવામા આવશે.

**હાથ ધોવાની અસરકારક રીત**

- સૌપ્રથમ પાણીથી બન્ને હાથ ભીના કરવા.
- હાથની બધી સપાટીને આવરી લેવા માટે પૂરતા પ્રમાણમાં સાબુ લગાવવો.
- બન્ને હાથ એકબીજાને હથેળીએથી ઘસવા.
- એક હાથની હથેળી અને આંગળીઓથી બીજા હાથના ઉપર ના ભાગ પર અને આંગળીઓ વચ્ચે ઘસવું.
- એક હાથની આંગળીઓનો પાછળનો ભાગ બીજા હાથની હથેળી વડે ઘસવો.
- એક હાથના અંગુઠાને બીજા હાથની હથેળીએથી પકડીને વારફરથી ઘસવો.
- ચોખ્ખા પાણી વડે હાથ ધોઈ નાંખવા અને સ્વચ્છ રૂમાલ વડે લુછવા.
- તમારા હાથ હવે સંપૂર્ણ સ્વચ્છ છે.



# જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદીની નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુંક થઈ

**સાર્ક દેશોની સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુંક થઈ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના જાણીતા ધારાશાસ્ત્રી અને ત્રિવેદી એસોસિએટના ડિરેક્ટર અશ્વિન ત્રિવેદી ની નિમણુંક સાર્ક દેશોની ઔદ્યોગિક અને વાણિજ્ય સંસ્થા સાઉથ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી માં ભારત રાષ્ટ્રના વાઈસ ચેરમેન તરીકે સંસ્થાના ડાયરેક્ટર જનરલ સંતોષ શુક્લ એ નિમણુંક કરી છે. સંસ્થાના દિલ્હી ખાતેના કાર્યાલયથી ત્રિવેદીના નામની જાહેરાત થઈ હતી. ઉલ્લેખનીય છે કે ભારત દેશની અગ્રગણ્ય કંપનીઓના વડાઓ પણ આ સંસ્થા સાથે જોડાયેલ છે અને ભારત સરકારની લઘુ,સુક્ષમ અને માધ્યમ ઉદ્યોગ મંત્રાલયના નીતિ નિયમો અનુસાર અર્ધસરકારી સંસ્થામાં સમાવેશ થાય છે. ત્રિવેદી જાણીતા ધારાશાસ્ત્રી ની સાથે ગુજરાત સરકારના સ્પેશયલ સરકારી વકીલ છે અને સાથે સાથે ત્રિવેદી એસોસિએટના ડાયરેક્ટર તથા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપપ્રમુખ છે. ત્રિવેદી લંડનની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સંસ્થાના ગુજરાતના ચેરમેન તરીકે પણ જવાબદારી નિભાવી રહ્યા છે. સામાજિક અને કોર્પોરેટ સંસ્થાઓના બહોળા અનુભવના આધારે અશ્વિન ત્રિવેદીની નિમણુંક નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે થયેલ છે જે ગાંધીનગર અને ગુજરાત માટે ગૌરવ રૂપ બાબત છે. સંસ્થાનું કાર્ય આગામી દિવસોમાં વાણિજ્ય અને ઔદ્યોગિક ક્ષેત્રે ઉદ્યોગકારોને અને શ્રમિકો ને પડતી તકલીફ માટે કોર્પોરેટ ક્ષેત્ર અને સરકાર વચ્ચે સેતુ બનીને પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું રહેશે.



આગામી દિવસોમાં રાજધાની દિલ્હી ખાતે સાર્ક દેશોના પ્રતિનિધિઓ અને રાજદૂતો તથા દેશના અગ્રણી ઉદ્યોગપતિઓની તથા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સહીત મહાનુભાવોની હાજરીમાં શપથગ્રહણ સમારોહ યોજાશે. જેમાં ત્રિવેદી નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે હોદ્દા અને સત્તાના શપથ લેશે. ત્રિવેદીની નિમણુંક બદલ સાંસદ રવિ કિશન, સંસદ રંજાબેન ભટ્ટ , સંસદ અને રિલાયન્સ ગ્રુપના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ પરિમલ નાથવાની , ધારાસભ્ય શૈલેષ સોટ્ટા , મારુતિ ગ્રુપના ચેરમેન અને ઉદ્યોગપતિ રામભાઈ મોકરિયા સહીત સામાજિક અને કોર્પોરેટ જગતના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## ડાયરેક્ટ સે

ગૂંચવાય છે જિંદગી... ત્યારે જ સમજાય છે જિંદગી...

## જન્મદિને વધામણી



**નારાયણભાઈ પટેલ**
મો. ૬૩૫૧૦ ૫૭૮૨૭



**બિહોલા નરેન્દ્રસિંહ ઝીલુજી**



**કૃપા મહેતા**



**માસ્ક પહેરો... કોરોનાથી બચો...**